અપીલ અરજી નં.૧૩૦ તા.૧૨–૭–૧૦/૧૧

અરજદારઃ– શ્રી હરેન્દ્રસિંહ કરણસિંહ ચૌહાણ

સામાવાળાઃ– ડે.કમિશ્નર(પીએન્ડડી) અને જાહેર માહિતી અધિકારી(ટાઉન પ્લાનીંગ)
સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (ડ્રેનેજ વિભાગ)

**ફરીયાદની હકીકતઃ–**

**વિષય :–** આરટીઆઈ એકટ હેઠળ શ્રી હરેન્દ્રસિંહ કરણસિંહ ચૌહાણની તા.૨૧–૫–૧૦ ની અરજીથી સુએજ ટ્રીટમેન્ટ પ્લાન્ટ ટી.પી.–૩(કરંજ) ના રીઝર્વેશન લગતી વિગત (૧) સુએજ ટ્રીટમેન્ટ પ્લાન્ટની જગ્યા કયા વર્ષમાં રીઝર્વેશનમાં મુકવામાં આવી અને જમીનનું ક્ષેત્રફળ,સર્વે નંબર તેમજ ફાઈનલ પ્લોટ નંબર સહિત તમામ વિગત વિ. મુદ્દા નં.૧થી ૧૬ની માહિતી આપવા બાબત.

**સંદર્ભ :–** અરજદાર મજકુરની તા.૧૨–૭–૧૦ ની **SMC/FAP/** નં.૧૩૦/૨૦૧૦–૧૧

શ્રી હરેન્દ્રસિંહ કરણસિંહ ચૌહાણની તા.૨૧–૫–૧૦ નીઅરજીથી સુએજ ટ્રીટમેન્ટ પ્લાન્ટ ટી.પી.–૩(કરંજ) ના રીઝર્વેશન લગતી વિગત (૧) સુએજ ટ્રીટમેન્ટ પ્લાન્ટની જગ્યા કયા વર્ષમાં રીઝર્વેશનમાં મુકવામાં આવી અને જમીનનું ક્ષેત્રફળ,સર્વે નંબર તેમજ ફાઈનલ પ્લોટ નંબર સહિત તમામ વિગત વિ. મુદ્દા નં.૧ થી ૧૬ની માહિતી આપવા બાબતે મુદ્દા નં.૭ સિવાય બાકીના મુદ્દાની વિગત મળેલ ન હોવાનું જણાવી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા.૧૨–૭–૧૦ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ, આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ આપવા જોગ પૂરક માહિતીની વિગતો તથા વિલંબ/ વિસંગતતા હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા પત્ર નં.આરટીઆઈ સેલ/૪૮૮ તા.૧૬–૭–૧૦ થી ડે.કમિશ્નર(પીએન્ડડી) અને જાહેર માહિતી અધિકારી(ટાઉન પ્લાનીંગ) તથા અરજદારને અપીલ અરજીમાં મુદ્દા નં.૮ અને ૯ ની જાહેર માહિતી અધિકારી તરફથી માહિતી મળેલ જે અંગે કોઈ નારાજગી છે કે કેમ? તથા મુદ્દા નં.૭ ની માહિતી બાબતે ફી ભરી માહિતી મેળવેલ છે કે કેમ? તે મળ્યા પછી આ બાબતે કોઈ નારાજગી છે? તે સ્પષ્ટ કરવા અંગે પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી તરફથી પત્ર નં.ટીપીડી/આરટીઆઈ/આ.નં.૧૬૬ તા.૨૮–૭–૧૦ થી અત્રેના વિભાગને પૂરક વિગતોમાં અરજદારની મુળ અરજીની નકલ, નગર નિયોજક ટાઉન પ્લાનીંગ તરફથી પત્ર નં.ટીપીડી/ આ/આર/૧૦૦ તા.૫–૬–૧૦ થી કાર્યપાલક ઈજનેર ,ડ્રેનેજ, નગર નિયોજક શહેર વિકાસ વિભાગ અને નગર નિયોજક(એ) ટાઉન પ્લાનીંગ વિભાગને મુદ્દા નં.૭ માટે તબદીલ કર્યા અંગેના પત્રની નકલ, અરજદારને આપેલ માહિતી અંગેના પત્ર નં.ટીપીડી/આરટીઆઈ/૧૧૯ તા.૧૯–૬–૧૦ ના પત્રની નકલ અત્રે મળેલ છે. જયારે અરજદાર તરફથી મુળ અરજીની નકલ ,ફી ભર્યાની વિગત તથા પૂરક વિગતમાં મુદ્દા નં.૭ ની માહિતી બાબતે જરૂરી ફી ભરેલ છે અને બે દિવસમાં માહિતી આપવાનું જણાવેલ છે. જયારે મુદ્દા નં.૮ અને ૯ માટે માહિતીની વ્યાખ્યામાં આવતું નથી જેની સામે અસંતોષ હોવાનું જણાવેલ છે તેવા પત્રની નકલ અત્રે મળેલ છે. જયારે વરાછાઝોન તરફથી ટાઉન પ્લાનીંગ વિભાગ મધ્યસ્થ કચેરીને તબદીલ થયા અંગેના પત્ર નં.આરટીઆઈ સેલ/ આ.નં. ૧૪૨ તા.૧–૬–૧૦ ના પત્રની નકલ, જાહેર માહિતી અધિકારી શહેર વિકાસ વિભાગ તરફથી મુદ્દા નં.૮ અને ૯ ની આપેલ માહિતી અંગેનો પત્ર નં.ટીડીઓ/૧૧૦૨ તા.૧૮–૬–૧૦ ના પત્રની નકલ, મુદ્દા નં.૭ અંગે જાહેર માહિતી અધિકારી ડ્રેનેજ વિભાગ તરફથી આપેલ માહિતી અંગેના પત્ર નં.ડીએનજી/આ.ન./આરટીઆઈ/૭ તા.૧૯–૬–૧૦ ના પત્રની નકલ અત્રે રજૂ કરેલ છે.

અરજદારની આઈ ડી નં.૨૩૧ તા.૨૧–૫–૧૦ ની અરજીથી મુદ્દા નં.૧ થી ૧૬ ની માહિતી માંગતી અરજી સ ેન્ટ્રલઝોન ખાતે કરવામાં આવેલ. જે સેન્ટ્રલઝોન તરફથી ટાઉન પ્લાનર ટાઉન પ્લાનીંગ વિભાગ અને કાર્યપાલક ઈજનેર વરાછાઝોનને પત્ર નં.સે.ઝોન/આરટીઆઈ/જાવક/૨૮૩ તા.૨૫–૫–૧૦ થી તબદીલ કરવામાં આવેલ. જે નગર નિયોજક અને ટાઉન પ્લાનીંગ મ. જાહેર માહિતી અધિકારી તરફથી પત્ર નં.ટીપીડી/આ/આર/૧૦૦ તા.૫–૬–૧૦ થી કાર્યપાલક ઈજનેર , ડ્રેનેજ નગર નિયોજક શહેર વિકાસ વિભાગ અને નગર નિયોજક(એ) ટાઉન પ્લાનીંગ વિભાગને મુદ્દા નં.૭ માટે તબદીલ કરવામાં આવેલ. વરાછાઝોન તરફથી પત્ર નં.ઈ.ઝેડ/આરટીઆઈ સેલ/૧૪૨ તા.૨૭–૫–૧૦ થી ટાઉન પ્લાનીંગ મધ્યસ્થ કચેરી જાહેર માહિતી અધિકારીએ તબદીલ કરવામાં આવેલ. જેના અનુસંધાને મુદ્દા નં.૭ અંગે ડ્રેનેજ વિભાગ તરફથી પત્ર નં.ડીએનજી/આ.નં. ૭ તા.૧૯–૬–૧૦ થી અરજદારને માહિતી આપવામાં આવેલ. જયારે જાહેર માહિતી અધિકારી શહેર વિકાસ તરફથી પત્ર નં.ટીડીઓ/૧૧૦૨ તા.૧૮–૬–૧૦ થી મુદ્દા નં.૮ અને ૯ માટે માહિતી આપવામાં આવેલ. જયારે પત્ર નં.ટીપીડી/ આરટીઆઈ/૧૧૯ તા.૧૯–૬–૧૦ થી ડે.કમિ.(પીએન્ડડી) અને જાહેર માહિતી અધિકારી તરફથી મુદ્દા નં. ૧ થી ૧૬ ની માહિતી આપવામાં આવેલ. અરજદારે તા.૧૨–૭–૧૦ ના રોજ અરજીના મુદ્દા નં.૭ સિવાયની તમામ વિગત મળેલ નથી તેવું જણાવી અપીલ અરજી કરવામાં આવેલ. પરંતુ અપીલ દરમ્યાન આપેલી પૂરક વિગતોમાં અરજદારે મુદ્દા નં.૭ ની ફી ભરેલ હોવાનું અને માહિતી આપવા કીધેલ હોવાનું જણાવેલ છે જયારે મુદ્દા નં.૮ અને ૯ બાબતે અસંતોષ હોવાનું વ્યકત કરેલ છે. અરજદારની અરજીના મુદ્દા નં.(૧) સુએજ ટ્રીટમેન્ટ પ્લાન્ટની જગ્યા કયા વર્ષમાં રીઝર્વેશનમાં મુકવામાં આવી અને જમીનનું ક્ષેત્રફળ,સર્વે નંબર તેમજ ફાઈનલ પ્લોટ નંબર સહિત તમામ વિગત. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી સુડાના મંજુર વિકાસ નકશા ૧૯૮૬ મુજબ મોજે કરંજના રે.સ. નં.૨૫ થી ૩૨ , ૬ ૪,૬૫ અને ૬૯ વાળી કુલ ૨૩૫૭૩૭ ચો.મી. જમીન સુએઝ ટ્રીટમેન્ટ વર્કસના હેતુ માટે રીઝર્વેશન હેઠળ મુકવામાં આવેલી હતી. તેવું જણાવેલ છે. (૨) આ વિસ્તારમાં કયારે ટીપી સ્કીમ મુકવામાં આવી? ટીપી નો ઈરાદો કયારે જાહેર કર્યો

તથા ડ્રાફટ સ્કીમ તથા પ્રીલીમનરી સ્કીમ  તથા ફાઈનલ  સ્કીમના એવોર્ડની તારીખો. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી  મોજે કરંજ વિસ્તારને આવરી લઈ  ટીપી સ્કીમ બનાવવાનો  ઈરાદો સુરત અર્બન ડેવલપમેન્ટ ઓથોરીટી ધ્વારા તા.૧૬–૧૨–૧૯૭૮ માં જાહેર કરવામાં આવેલ હતો.  ટીપી સ્કીમની ડ્રાફટ યોજના માટેનો એવોર્ડ  જાહેર કરવામાં આવતો નથી.  જયારે પ્રીલીમનરી યોજનાનો એવોર્ડ        તા.૨૦–૧૨–૯૦ ના રોજ  તથા અંતિમ યોજનાનો  એવોર્ડ તા.૨૮–૨–૯૬ ના રોજ જાહેર કરવામાં આવેલ છે.  તેવું જણાવેલ છે. (૩) સુઅજ ટ્રીટમેન્ટ પ્લાન્ટના રીઝર્વેશનમાં કેટલી જગ્યા સંપાદન  કરવામાં આવી તેના સર્વે નંબર તથા ફાઈનલ પ્લોટ નંબર  દર્શાવતી નકલ. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી  સુએઝ ટ્રીટમેન્ટ પ્લાનના હેતુ માટે સંપાદન કરવામાં આવેલી જમીન  સર્વે નંબર સામે  ક્ષેત્રફળ ચો.મી. માં દર્શાવેલ છે. સર્વે નં.૨૫/૧ ચો.મી. ૮૯૦૩ , સર્વે નં.૨૫/૨ ચો.મી. ૮૧૦,સર્વે નં.૨૫/૩+ ૪ ચો.મી. ૧૦૧૩, સર્વે નં.૨૫/૫ ચો.મી. ૪૨૪૯, સર્વે નં.૨૫/૬ ચો.મી. ૪૮૫૬, સર્વે નં.૨૫/૭ ચો.મી. ૪૯૫૭, સર્વે નં.૨૯/૧ પૈકી ચો.મી. ૩૨૦૭૨,સર્વે નં.૨૯/૨ ચો.મી. ૧૪૪૮, સર્વે નં.૩૦/૧ પૈકી ચો.મી.  ૧૦૩૨૦ , સર્વે નં.૩૦/૧ પૈકી  ચો.મી. ૧૦૩૨૦,સર્વે નં.૩૦/૨ પૈકી ચો.મી. ૧૨૩૨, સર્વે નં.૩૦/૩ ચો.મી. ૨૦૨, સર્વે નં.૩૧ ચો.મી. ૯૫૧૦, સર્વે નં.૬૪ ચો.મી. ૮૮૦૨,સર્વે નં.૬૯ ચો.મી. ૪૫૫૩,સર્વે નં.૨૮/પૈકી ૩૨/પૈકી  ચો.મી. ૮૦૬૬ક્ષેત્રફળ છે. તેવું જણાવેલ છે.   (૪) રીઝર્વેશનવાળી  જગ્યામાં કેટલા વિસ્તારમાં પ્લાન્ટ માટેનું  બાંધકામ થયેલ છે તથા કયા કયા પ્રકારનું બાંધકામ થયેલ છે ખાનગી તેમજ  મહાનગરપાલિકા તરફથી થયેલ બાંધકામની વિગત સાથેની નકલ.  તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી સુડાના  મંજુર વિકાસ નકશા –૨૦૦૪ મુજબ   રીઝર્વેશન પૈકીની   સુરત મહાનગરપાલિકાએ કબ્જો મેળવેલ ૧૦૬૭૬૦ ચો.મી. જગ્યામાં સુએઝને ટ્રીટમેન્ટ કરવા માટેના ઈન્લેટ ચેમ્બર્સ, પ્રાયમરી તથા સેકન્ડરી  કલેરીફાયર પંપ હાઉસ, થીકનર ડાઈજેસ્ટર , બેલ્ટ ફીલ્ટર પ્રેસ વિગેરે યુનીટોના બાંધકામ કરવામાં આવેલ છે તેવું જણાવેલ છે. (૫)  મહાનગરપાલિકાએ કરેલ  બાંધકામ હેતુફેર  કરી સરકારશ્રીની પરવાનગી લીધેલ છે કે કેમ?  લીધેલ હોય તો તેની નકલ. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી સુડાના  મંજુર વિકાસ નકશા –૨૦૦૪  માં સદરહુ જગ્યા " સુએઝ ટ્રીટમેન્ટ પ્લાન્ટ પી/૭૨ " સુરત મહાનગરપાલિકા માટે  જાહેર હેતુ માટે રીઝર્વેશન હેઠળ  મુકવામાં આવેલ છે. , જે હેતુ મુજબનું બાંધકામ કરવામાં આવેલ હોય હેતુ ફેર કરવાનો કે  સરકારશ્રીની પરવાનગી    લેવાનો પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. તેવું જણાવેલ છે.  (૬) સંપાદન કરેલ જગ્યામાંથી  અન્યને જગ્યા વેચાણ આપેલ છે કે કેમ?  આપેલ હોય તો તેનું  ક્ષેત્રફળ તથા ઓરીજનલ  સર્વે નંબર તથા ફાઈનલ પ્લોટ નંબર વિગત સાથેની નકલ. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી સુડાના  મંજુર વિકાસ નકશા –૨૦૦૪ મુજબ " સુએઝ ટ્રીટમેન્ટ  પ્લાન્ટ પી/૭૨ " માટે  રીઝર્વેશન હેઠળ મુકવામાં આવેલ જગ્યામાંથી સંપાદન કરેલ જગ્યા પૈકીની કોઈ પણ જગ્યા વેચાણે આપેલ નથી. તેવું જણાવેલ છે.  (૭)  સુએજ ટ્રીટમેન્ટ પ્લાન અંગે પોલ્યુશન બોર્ડ  કે અન્ય લેવી પડતી પરવાનગી લીધેલ છે?  લીધેલ હોય તો તેની નકલ. તેવા પ્રશ્ન બાબતે સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી તરફથી  સુરત મહાનગરપાલિકાના ડ્રેનેજ વિભાગ ધ્વારા  ટીપી સ્કીમ નં.૩(કરંજ)  ખાતેના  સુએઝ ટ્રીટમેન્ટ પ્લાન્ટ માટે  ગુજરાત પોલ્યુશન કંટ્રોલબોર્ડની પરવાનગી લીધેલ છે સદર પરવાનગીની નકલ  પ્રતિ પેઈઝ  રૂા.૨/–  મુજબ કુલ  ત્રણ પેઈજ માટે  રૂા.૬/–  (અંકે રૂપિયા છ) ડ્રેનેજ કચેરીએ જમા કરાવ્યા બાદ મેળવી શકશો તેવું જણાવેલ.  જેની નકલ પણ  અત્ર રજૂ કરેલ છે જે અરજદારે પૂરક વિગતોમાં  સદર રકમ જમા કરાવેલ છે.  પરંતુ અરજદારને માહિતી  આપવાનું  જણાવેલ. પરંતુ આપેલ હોવાના કોઈ પુરાવા રજૂ કરેલ નથી.(૮)  આ રીઝર્વેશનવાળી જગ્યામાં હાઈકોર્ટમાંથી પ્લાન પાસ  કરવા અંગેના ઓર્ડર થયેલ છે કે કેમ?  થયેલ હોય તો તેની નકલ. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી મધ્યસ્થ શહેર વિકાસ તરફથી પત્ર નં.ટીડીઓ/૧૧૦૨     તા.૧૮–૬–૧૦ થી  સદર માંગવામાં આવેલી માહિતી માહિતીની વ્યાખ્યામાં આવતી નથી તેવું જણાવેલ છે. જે બાબતે જાહેર માહિતી અધિકારીએ હાઈકોર્ટના  ઓર્ડર બાબતે હકીકતલક્ષી માહિતી આપવી રહે.સિવાયકે આ બાબત કલમ–૮(૧)(બી) ના અપવાદ હેઠળ આવતી હોય અને તેમ હોય તો અપવાદ જણાવવાનો રહે.  જો હા હોય તો તેની નકલ પૂરી પાડવાની રહે.  (૯)  આ જગ્યા પૈકી  સરકારશ્રીએ  રીઝર્વેશનવાળી  કેટલી જગ્યા મુકત કરેલ છે? આ મુકત કરેલ જગ્યા  ઉપર કયા કારણોસર  પ્લાન પાસ કરવામાં આવેલ નથી.? તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી ટાઉન પ્લાનીંગ તરફથી સુડાના પુનરાવર્તિત નકશા ૧૯૯૬ માં મોજે કરંજ ખાતે સુએઝ ટ્રીટમેન્ટ પ્લાન્ટના હેતુ માટે સૂચિત કરવામાં આવેલ રીઝર્વેશનવાળી જગ્યામાંથી  સુડાના મંજુર વિકાસ નકશા ૨૦૦૪ માં  ટીપી સ્કીમ નં.૩(કરંજ) , ફા.પ્લોટ નં.૩૭,૩૮,૪ ૪,૪૩,૫૦,૬૪ ,૭૦ ,૭૧,૭૨, ૬૩/ પૈકી,  ૯૨, ૯૩,૧૪૨ , ૧૪૩/પૈકી , ૭૮/ પૈકી,  ૭૯ તથા ૮૦ વાળી જમીનો સરકારશ્રીએ રીઝર્વેશનમાંથી મુકત કરેલ છે. સદર પ્રશ્ન પૈકી અંશતઃ માટે તબદીલ કરેલ પ્રશ્ન બાબતે   તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી મધ્યસ્થ શહેર વિકાસ તરફથી પત્ર નં.ટીડીઓ/૧૧૦૨ તા.૧૮–૬–૧૦ થી  સદર માંગવામાં આવેલી માહિતી માહિતી વ્યાખ્યામાં આવતી નથી તેવું જણાવેલ છે.  જે અંગે દફતરી હકીકતલક્ષી માહિતી આપવી રહે.(૧૦) આ રીઝર્વેશનવાળી જગ્યામાં  મહાનગરપાલિકાની સ્થા. સ. તથા ટીપી કમિટિ તેમજ  જનરલ બોર્ડમાં જેટલા ઠરાવો થયેલ હોય તેની તમામ ઠરાવની નકલ. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી આ રીઝર્વેશનવાળી જગ્યામાં મહાનગરપાલિકાની સમિતિ તથા વોર્ડમાં જેટલા પુરાવો માટે નિયત ફી રૂા.૨/– પ્રતિ પાના દીઠ કુલ પાના ૭ પ્રમાણે  કુલ રૂા.૧ ૪ કરાવ્યેથી પ્રાપ્ત થઈ શકે છે.  તેવું જણાવેલ છે.  (૧૧)  આ રીઝર્વેશન પૈકીની જગ્યામાં એવોર્ડ થયેલ અને  નાણા જમા કરેલ છતાં કેટલી જમીનનો કબ્જો લેવાનો બાકી છે? તેની ક્ષેત્રફળ તથા સર્વે નંબર, બ્લોક નંબર તથા ફાઈનલ પ્લોટ નંબર સહિતની વિગત. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી  તરફથી  રીઝર્વેશન પૈકીની જગ્યામાં એવોર્ડ થયા મુજબના નાણા/રકમ જમા કરેલ હોય  તેવી જગ્યાનો કબ્જો લેવાનો બાકી નથી. તેવું જણાવેલ છે.   (૧૨)  ઉપરોકત એવોર્ડવાળી જગ્યામાં બાંધકામ છે કે કેમ? બાંધધકામ હોય તો અધિકૃત છે કે બિન અધિકૃત  તેની સંપૂર્ણ વિગત. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી   એવોર્ડવાળી જગ્યા પૈકી રે.સ. નં.૨૭ તથા ૬૫ પૈકીની જગ્યામાં જુના બાંધકામો છે સરહુ બાંધકામો અંગેની વિગત ટાઉન પ્લાનીંગ કચેરીએ ઉપલબ્ધ નથી. તેવું જણાવેલ છે. પરંતુ તેની વિગત માટે લાગત જાહેર સત્તા મંડળ કે જાહેર માહિતી અધિકારીને તબદીલ કરવી રહે તે કરેલ નથી. (૧૩)  સંપાદન કરેલ  જગ્યામાં કેટલી જગ્યા ખાનગી સંસ્થાને વેચાણ આપેલ છે તો તે કયા હેતુ  માટે વેચાણ આપેલ છે તેની સંપૂર્ણ વિગત.  તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી  તરફથી  સુડાના મંજુર વિકાસ નકશા–૨૦૦૪ મુજબ " સુએઝ ટ્રીટમેન્ટ પ્લાન્ટ પી/૭૨ "  રીઝર્વેશન હેઠળ મુકવામાં આવેલ  જગ્યામાંથી સંપાદન

કરેલ જગ્યા પૈકીની કોઈ પણ જગ્યા સુરત મહાનગરપાલિકા ધ્વારા ખાનગી સંસ્થાને વેચાણે આપેલ નથી. તેવું જણાવેલ છે. (૧૪) રીઝર્વેશન હેઠળની જમીન ખાનગી સંસ્થાને વેચાણે આપેલ હોય સરકારશ્રીની પરવાનગી લીધેલ છે કે કેમ? જો લીધેલ હોય તો તેની નકલ. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી રીઝર્વેશન હેઠળની જમીન ટાઉન પ્લાનીંગ કચેરીએથી ખાનગી સંસ્થાને વેચાણે આપેલ ન હોય સરકારશ્રીની પરવાનગી લેવાનો પ્રશ્ન ઉપસ્થિત થતો નથી તેવું જણાવેલ છે. (૧૫) સુએઝ ટ્રીટમેન્ટ પ્લાન્ટ માટેની રીઝર્વેશન વાળી જગ્યામાં અન્ય ટોરેન્ટ પાવર, સ્કુલ, ઈડબલ્યુ, એસ. કવાટર્સ કે ખાનગી સોસા.ને કેટલી જગ્યા ઉપયોગમાં લીધેલ છે તેની ક્ષેત્રફળ તથા ફાઈનલ પ્લોટ સહિતની વિગત. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી સુડાના મંજુર વિકાસ નકશા–૨૦૦૪ મુજબ " સુએઝ ટ્રીટમેન્ટ પ્લાન્ટ પી/૭૨ " રીઝર્વેશન હેઠળ મુકવામાં આવેલ જગ્યામાંથી ટોરેન્ટ પાવર ફા.પ્લોટ નં.૭૬ પૈકી ૮૮૫૨ ચો.મી. અને નગર પ્રાથમિક શાળા ફા.પ્લોટ નં.૬૬ પૈકી ૩૭૫ ચો.મી. ઉપયોગમાં લેવામાં આવેલ છે. તેવું જણાવેલ છે. (૧૬) ટોરેન્ટ પાવરને સદર રીઝર્વેશનવાળી જગ્યામાંથી વેચાણ આપવા માટે થયેલ પત્ર વ્યવહારની નકલો. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી સદરહુ રીઝર્વેશનવાળી જગ્યામાંથી ટોરેન્ટો પાવરને ટાઉન પ્લાનીંગ કચેરીએથી જગ્યા વેચાણ આપેલ નથી. તેવું જણાવેલ છે.

અરજદારે અપીલ અરજીમાં મુદ્દા નં.૭ સિવાય તમામ વિગત બાકી હોવાનું જણાવેલ. પરંતુ અરજદારના તા.૨૩–૭–૧૦ ના પત્રથી અત્રેના પત્ર નં.આરટીઆઈ સેલ/૪૮૮ તા.૧૬–૭–૧૦ ના સંદર્ભે પૂરક વિગતોમાં મુદ્દા નં.૭ ની માહિતી બાબતે જરૂરી ફી ભરેલ છે અને બે દિવસમાં માહિતી આપવાનું કીધેલ છે પરંતુ માહિતી મેળવેલ હોવાનું જણાવેલ નથી. જયારે મુદ્દા નં.૮ અને ૯ માં જણાવ્યા મુજબનો જવાબ આપેલ નથી . મુદ્દા નં.૮ જાહેર માહિતી અધિકારીએ હાઈકોર્ટના ઓર્ડર બાબતે દફતરી હકીકતલક્ષી માહિતી આપવી રહે. અગર કલમ–૮(૧)(બી) ના અપવાદ હેઠળ આવતું હોય તો તેમ જણાવવું રહે તથા જો હા હોય તો તેની નકલ પૂરી પાડવાની રહે. મુદ્દા નં.૯ ની માહિતી આપવામાં આવેલ જણાય છે. જયારે કયા કારણોસર પ્લાન પાસ કરવામાં આવેલ નથી તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારીએ માહિતીની વ્યાખ્યામાં આવતો નથી તેવું જણાવેલ છે. જે અંગે દફતરી હકીકતલક્ષી માહિતી આપવી રહે. સદરહુ માંગવામાં આવેલી માહિતી વ્યાખ્યામાં આવતી નથી તેવા મળેલ જવાબ સામે અસંતોષ વ્યકત કરેલ છે. જયારે અરજદારે મુદ્દા નં.૧૦ ની માહિતી રૂા.૧૪/– જમા કરી મેળવેલ છે કે તેમ તે અંગે કોઈ સ્પષ્ટતા કરેલ નથી. જયારે મુદ્દા નં.૧૨ આંશિક અંગે લાગત જાહેર સત્તા મંડળ કે જાહેર માહિતી અધિકારીને તબદીલ કરવી રહે.

**હુકમ**

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારે તા.૨૧–૫–૧૦ ની અરજીથી માંગેલ માહિતી પૈકી મુદ્દા નં.૮ તથા ૯ ની જાહેર માહિતી અધિકારી ધ્વારા નહીં પૂરી પડાયેલ માહિતી આરટીઆઈ કાયદાની કલમ–૭(૬) હેઠળ વિના મૂલ્યે અરજદારને અત્રેની જાણ હેઠળ દિન–૭ માં પૂરી પાડવા તથા મુદ્દા નં.૧૨ આંશિક અંગે લાગત જાહેર સત્તા મંડળ કે જાહેર માહિતી અધિકારીને કલમ–૬(૩) હેઠળ તબદીલ કરવા ડે.કમિશ્નર(પીએન્ડડી) અને જાહેર માહિતી અધિકારી ટાઉન પ્લાનીંગને જણાવવામાં આવે છે. જયારે મુદ્દા નં.૧૦ અંગે અરજદાર જાહેર માહિતી અધિકારીએ જણાવેલ દસ્તાવેજ ફી ભરપાઈ કરી માહિતી મેળવવા સ્વતંત્ર છે. જયારે મુદ્દા નં.૭ અંગે જાહેર માહિતી અધિકારી ડ્રેનેજ તરફથી ફી ભરપાઈ કરેલ હોવા છતાં નહીં પૂરી પાડેલ માહિતી પૂરી પાડવા સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી ડ્રેનેજ વિભાગને જણાવવામાં આવે છે.

નં.આરટીઆઈસેલ/
તારીખ : –૮–૧૦

ડે.કમિશ્નર (જનરલ)
અને એપેલેટ ઓફિસર
સુરત મહાનગર પાલિકા

પ્રતિ,

(૧) ડે.કમિશ્નર(પીએન્ડડી) અને જાહેર માહિતી અધિકારી (ટાઉન પ્લાનીંગ) સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (ડ્રેનેજ વિભાગ) ... ..જાણ તથા અમલ માટે

(૨) શ્રી હરેન્દ્રસિંહ કરણસિંહ ચૌહાણ ,